# સૌને
# નુતન વર્ષાભીનંદન
卐
# માની ન લેશો કે હું સુખી છું.....

--સુરેશ દલાલ

એક દીવસ પુરો થયો. કેલેન્ડરની તારીખનું એક પાનું, વૃક્ષ પરના પાંદડાની જેમ ખરી ગયું. ધુળમાં ભળી ગયું. ડાળી પર ઝુલ્યું હતું એ વાતને ભુલી ગયું. કશુંક યાદ રાખવાનો અર્થ નથી. અર્થ નથી ભુતકાળની ડાળને વળગવાનો. સ્મરણ એ વરદાન નથી અને વીસ્મરણ એ શાપ નથી. જીવનને સુખ કે દુખનાં, પુણ્ય કે પાપનાં, શુભ કે અશુભનાં ખાનાંમાં ગોઠવવાથી કંઈ વળતું નથી. આ બધા આપણા મનના કરોળીયાનાં જાળાં છે. જે પુરું થાય છે એ પુર્ણવીરામ, શરુ થાય છે એ પ્રારંભ. પ્રારંભની સાથે જ અંત સંકળાયેલો છે અને અંતની સાથે જ પુનર્જન્મ. જીવન એ મરણ સુધી લંબાતું વાક્ય છે. આ વાક્યમાં અલ્પવીરામ, અર્ધવીરામ, આશ્ચર્યચીહ્ન, આઘાતચીહ્ન, પ્રશ્નાર્થચીહ્ન બધું જ આવતું હોય છે. કશુંક ખડક જેવું હોય છે, કશુંક જળ જેવું; કશુંક સરળ હોય, કશુંક જટીલ હોય છે; કશું કાયમને માટે ટકતું નથી તો કશુંય કાયમને માટે અટકતું નથી. બધી ક્ષણની રમત છે. ક્ષણ ક્ષણજીવી છે એ જાણીને ક્ષણેક્ષણને જીવવાની છે.જીવવું એટલે જે કંઈ મળે કે ન મળે એના આનંદ સાથે કે વસવસા વીના જીરવી જવું.

○○○○○

પડદો ઉઘડે છે, પડદો બંધ થાય છે. સમારંભો શરુ થાય છે, સમારંભો પુરા થાય છે. અઢી-ત્રણ કલાકનું આયુષ્ય હોય છે એનું. પછી રંગમંચ પર શબ્દો નથી હોતા. શબ્દો પછીનું મૌન હોય છે. ખુરશીઓ ખાલી હોય છે. તાળીઓના ગડગડાટ આપમેળે શમી જાય છે. ફુલોની લેવડદેવડ પતી જતી હોય છે. કાગળમાં ગુંગળાઈ ગયેલાં ફુલોનાં ડુસકાં પણ સંભળાતાં નથી. માઈકનું સામ્રાજ્ય પણ સમેટાઈ જાય છે. તાળીઓના ગડગડાટને કાનમાં પુરી રાખવાનો કોઈ અર્થ નથી.તાળીઓ એ કાનનો માત્ર ખેલ પુરવાર થાય છે. બોલાતા શબ્દો માત્ર રમત છે. પડતી તાળીઓ રમત છે. એની મમતમાં પડ્યા તો અંદરોઅંદર સડવા લાગશું. કાનને તાળીઓની ટેવ પડી જશે તો આ વ્યસનમાંથી કદીયે છુટકારો નહીં મળે.

પ્રશંસા અને ખુશામત વચ્ચે પાતળી રેખા છે. કશાયથી ફુલાઈને ફાળકો થવાની જરૂર નથી. લાડ અને લાતને નજીકનો સંબંધ છે. આપણી વાતમાં બધાને રસ પડે છે એવી ભ્રમણામાં જીવ્યા કરીએ છીએ અને જાતછેતરામણી

PDF created with pdfFactory trial version www.pdffactory.com

કરીએ છીએ. તાત્કાલીક મનોરંજનના ધુળીયા ગાલીચા ઉપર આળોટીએ છીએ.

○○○○○

દરેક માણસને ઉંડેઉંડે એમ હોય છે કે મારી કોઈ કદર કરે, પ્રશંસા કરે. મહત્ત્વની ઘટનાઓમાં મને 'કનસલ્ટ' કરે. માણસ પાસે પોતાનો વૈયક્તીક અહંકાર છે અને સામાજીક અહંકાર છે. અહંકારને તો રોજે રોજ કશોક ખોરાક જોઈએ એવો એ ખાઉધરો છે. માણસે એક ક્ષણ વીચારી લેવું જોઈએ કે ક્યાંક વખાણ થાય છે ત્યારે એને જે લાગણી થાય છે, તો ટીકા થાય છે ત્યારે એને શું થાય છે? આ પ્રશંસા-ટીકા એ તો આપણને આપણા પોતાના રાજમાર્ગથી દુરને દુર લઈ જતી ગલીકુંચીઓ છે. માણસે પોતાનાં સંવેદનોને સાક્ષીભાવે જોવા જોઈએ. સુખી થવા માટે આપણી પાસે પુરતાં કારણો હોવા છતાં; આપણા સ્વકેન્દ્રી અભીગમને કારણે આપણે પોતે જ આપણાં દુખના વીધાયક થઈએ છીએ.

○○○○○

ક્યાંય નીરાંતને જીવે ધામો રાખીને પડવાની કળા આપણે ગુમાવી બેઠા છીએ. ફાંફાંઓ મારીએ છીએ. સુખને બાહ્ય દુનીયામાં ફંફોસીએ છીએ. આપણે જ અગ્ની પ્રગટાવીએ છીએ અને કહીએ છીએ કે અમારે નસીબે રોજેરોજ અગ્નીપરીક્ષા છે.

આપણે જ લાકડું, આપણે જ અગ્ની પ્રગટાવનાર અને આપણે જ બળનાર; અને કહીએ છીએ ક્યાંય સુખનું કે શાંતીનું સરોવર નથી. અગ્નીમાં બેસીને જળની વાત કરવાથી કશું વળતું નથી. આપણા બધા જ ઉધામા ઈંધણનું કામ કરે છે. આપણી એષણા, મહેચ્છા, અપેક્ષા- આ બધાં બળતામાં ઘી હોમે એવાં તત્ત્વો છે.

○○○○○

**---સુરેશ દલાલ**

સુરતના દૈનીક **"ગુજરાતમીત્ર"**ની તા. ૧૩ નવેમ્બરની નુતન વર્ષ માંગલ્યપુર્તીમાંથી....

--**"કલાપી"** ફ્રેન્ટમા અને **"ઉંઝા જોડણી"**માં....સાભાર પુનર્લેખનઃ

uttamgajjar@hotmail.com

-SURAT- October 30, 2005

PDF created with pdfFactory trial version www.pdffactory.com